મારા કામના નંબર

નાયબ કાર્યપાલક ઈજનેરના નંબર
માર્ગ અને મકાન વિભાગ પેટા વિભાગ
0286 2242413
પોરબંદર સિંચાઈ ચેકડેમ પેટા વિભાગ
0286 2242537
રાણાવાવ સિંચાઈ વિભાગ નાયબ કાર્યપાલક ઈજનેર.....0286 2212667
કુતિયાણા નાયબ કાર્યપાલક ઈજનેર
0286 2212667
બાદ વિકાસ યોજનાના અધિકારીઓ
સીડીપીઓ પોરબંદર 1 ....0286 2220382
સીડીપીઓ પોરબંદર 2......0286 2220382
સીડીપીઓ રાણાવાવ......02801 231806
સીડીપીઓ કુતિયાણા....02804 260458
જિલ્લા પંચાયતના પ્રમુખ
0286 2252807
જિલ્લા વિકાસ અધિકારી
0286 2243803

આ QR કોડ સ્કેન કરો અને ઈમરજન્સી હેલ્પલાઈન ચાર્ટ મેળવો તેને ડાઉનલોડ કરો.

ખિસ્ત્રી ગામના વૃદ્ધે ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદર તાલુકાના ખિસ્ત્રી ગામે રહેતા કરશન વીરમભાઈ ખિસ્તરીયા નામના વૃદ્ધને ત્રણેક વર્ષ પહેલા કેન્સરની બિમારી થઇ હતી. કરશનભાઇએ દવાઓ કરવા છતાં તેમને કેન્સરની બિમારીથી કોઇ ફરક પડતો ન હોવાથી કેન્સરની બિમારથી કંટાળી જઇને ગઇકાલે બપોરના સમયે કરશનભાઇએ ગળાફાંસો ખાઇ લેતા તેમનું દુઃખદ મોત નિપજ્યું હતું. કરશનભાઇના આ પગલાથી આસપાસના વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. આ અંગે નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને આ અંગે વધુ તપાસ બગવદર પોલીસ સ્ટેશનના ASI એ. એસ. બારાએ હાથ ધરી છે.

સ્મશાનમાં થતો દર મહિનાનો રૂપિયા 1 લાખનો ખર્ચે બાયોમેડિકલ વેસ્ટના પ્લેનમાંથી થતી આવકમાંથી રકમ ઉપલબ્ધ થાય છે

સ્મશાનભૂમિમાં અંતિમયાત્રા બસ, અગ્નિદાહ, વિધુતભઠ્ઠીની છેલ્લા 30 વર્ષથી માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટની નિઃશુલ્ક સેવા

મંડે પોઝિટીવ

સ્મશાનભૂમિના ખર્ચેને પહોંચી વળવા બાયો મેડિકલવેસ્ટ પ્લાનની સ્થાપના કરાઈ

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદરમાં આવેલ હિન્દૂ સ્મશાન ભૂમિમાં છેલ્લા 30 વર્ષથી માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તમામ સુવિધા વિનામૂલ્યે આપવામાં આવી રહી છે.શહેરમાંથી સ્મશાનભૂમિ સુધી અંતિમયાત્રા બસ,સ્મશાનમાં અગ્નિદાહ તેમજ વિદ્યુતભઠ્ઠી અને બાળ સ્મશાન ભૂમિમાં થતી દફનવિધિની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.આ તમામ સુવિધાના ખર્ચેને પહોંચી વળવા માટે શહેરમાં ટ્રસ્ટ દ્વારા બાયો મેડિકલ વેસ્ટનો પ્લાનની સ્થાપના કરાઇ છે.આ પ્લાનમાંથી થતી આવકમાંથી દર મહિને સ્મશાનના ખર્ચે પેટે 1 લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.

પોરબંદર શહેરના વર્ષોથી દરિયા કિનારે હિન્દૂસ્મશાન ભૂમિ આવેલ છે.આ સ્મશાન ભૂમિમાં પોરબંદર શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય પંથકના લોકો માટે પણ ખૂબ ઉપયોગી સુવિધા છે.ખાસ કરીને ચોમાસા દરમ્યાન પોરબંદર શહેર ઉપરાંત બરડા પંથકના તેમજ પોરબંદર આસપાસના ગ્રામ્ય પંથકના લોકોનું મૃત્યુ થાય તો તેવો અગ્નિદાહ માટે પોરબંદરના સ્મશાનનો ઉપયોગ કરે છે.પરંતુ આ સ્મશાન ભૂમિમાં અમુક સુવિધા ખૂટતી હતી અને આ સ્મશાનના વિકાસ માટે 30 વર્ષ પૂર્વે શહેરના આગેવાનોને વિચાર આવ્યો જેથી પોરબંદરમાં વર્ષ 1995માં હિન્દૂ સ્મશાનના વિકાસ માટે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી.આ ટ્રસ્ટના પ્રમુખ અનિલભાઈ કારીયા, ઉપપ્રમુખ નટુભાઈ થાનકી,મેનેજીંગ ટ્રસ્ટી ભોગીભાઈ લાખાણી, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી ગોવિંદભાઈ મોતીવરસ,સેક્રેટરી જગદીશભાઈ કોટેચા સહિતના ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાં આવી હતી.આ ટ્રસ્ટ દ્વારા છેલ્લા 30 વર્ષથી પોરબંદરના દરિયા કાંઠે આવેલ ઈન્દ્રેશ્વર મહાદેવના મંદિર સામેના હિન્દૂ સ્મશાન ભૂમિમાં અનેક વિકાસના કામો દાતાઓના સહયોગથી કરવામાં આવ્યા છે.આ ટ્રસ્ટ દ્વારા છેલ્લા 30 વર્ષથી હિન્દૂ સ્મશાન ભૂમિમાં દૂર દૂરથી અંતિમસંસ્કાર માટે આવતા લોકો માટે અંતિમયાત્રા બસની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.હાલ આ સ્મશાનભૂમિમાં 3 અંતિમયાત્રા વાહન ઉપલબ્ધ છે.તેમજ અગ્નિદાહ માટે તમામ સામગ્રી અને વિદ્યુતભઠ્ઠી મારફતે અગ્નિદાહ અને બાળસ્મશાન ભૂમિ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.ટ્રસ્ટ દ્વારા આ તમામ સુવિધા વિનામૂલ્યે છેલ્લા 30વર્ષથી ઉપલબ્ધ કરવામાં આવી છે.આ તમામ સુવિધા માટે ટ્રસ્ટ દર મહિને રૂપિયા 1 લાખનો ખર્ચે કરે છે.

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા 30 વર્ષથી હિન્દૂ સ્મશાનભૂમિમાં તમામ સુવિધા વિનામૂલ્યે આપવામાં આવી રહી છે.આ તમામ સુવિધાના ખર્ચેને પહોંચી વળવા શહેરમાં બાયો મેડિકલવેસ્ટની સ્થાપના કરાઈ છે.આ પ્લાનમાંથી થતી આવકમાંથી સ્મશાનભૂમિમાં થતા ખર્ચેમાં ઉપયોગમાં લેવાઈ છે.

અન્ય શહેરની સરખામણીમાં આધુનિક સુવિધા ઉપલબ્ધ

રાજ્યના અન્ય શહેરમાં આવેલ સ્મશાનભૂમિની સરખામણીમાં પોરબંદરની હિન્દૂ સ્મશાન ભૂમિમાં ખૂબ સુવિધા ઉપલબ્ધ છે.આ સ્મશાનભૂમિમાં વિદ્યુત સ્મશાન,બાળ સ્મશાન,શાંતિ પ્રાર્થના હોલ,અંતિમયાત્રા બસ સહિતની સુવિધા વિનામૂલ્યે ઉપલબ્ધ કરવામાં આવી છે.

પોરબંદરમા ગુડ ટચ બેડ ટચ અંગે બાળકોને માહિતગાર કરાયા

શાળાના બાળકોમાં જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું 'તું

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદરમાં ગઈકાલે હાર્બર મરીન પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેક્ટર તથા સી ટીમ ના સભ્યો દ્વારા જાવર પ્રાથમીક શાળા પોરબંદર ખાતે જઈને એક સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ શાળાના બાળકોને ગુડ ટચ બેડ ટચ અંગે બાળકોને માહિતી આપવામાં આવી હતી. જાગર પ્રાથમિક શાળાના ધો. 8 ના આશરે 45 જેટલા બાળકોને નશીલા પદાર્થોથી તથા નુકશાન તથા માદક પદાર્થના ઉપયોગ તથા હેરા ફેરી થી થતી આડ અસરો બાબતે જાગૃતી કેળવવા સારૂ ડ્રગ્સ એક્ટીવીટી ના હેલ્પલાઇન નં.1933 ની માહીતી આપવામાં આવેલ હતી તેમજ વિદ્યાર્થીઓને સેલ્ફ ડિફેન્સ તેમજ પોતાની સુરક્ષા કઈ રીતે કરવી તે માટે જાણકારી આપી ગુડ ટચ બેડ ટચ એવરનેસ કાર્યક્રમ કરી વિદ્યાર્થીઓને લગતી સી ટીમની કામગીરી કરેલ તેમજ વિદ્યાર્થીની બહેનોને ઘરેલુ હિંસા, શારીરીક માનસીક ત્રાસ, જાતીય શોષણ ના બનાવો બને ત્યારે મહીલા પોલીસ સ્ટેશન તથા હાર્બર મરીન પોલીસ સ્ટેશન નો સંપર્ક કરવા માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ નવા કાયદાઓ વિશે તથા બાળકોને રક્ષણ આપતો અધિનિયમ POCSO તેમજ મહિલા હેલ્પલાઈન 181 ની વિગતવાર માહિતી આપેલ હતી. બાળકોને ચિલ્ડ્રન હેલ્પલાઈન નંબર 1098 વિશેનો ઉપયોગ કેમ કરવો એના વિશે પણ માહિતગાર કરેલ અને ટ્રાફીક ના નિયમો અંગે સમજ કરેલ તથા સાયબર ક્રાઈમ થી થતાં ફ્રોડ બાબતે માહિતી આપેલ તેમજ help line number 181 અને 112 અને ઈમરજન્સી નંબર 100 વિશે પણ માહિતી આપેલી છે.

રાષ્ટ્રીય રમત-ગમત દિવસ | પોરબંદરમાં સાઈકલ રેલી

ધારાસભ્ય, જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસવડા પણ સાયકલ રેલીમાં જોડાયા 'તા

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

રાષ્ટ્રીય રમતગમત દિવસની ઉજવણી અનુલક્ષીને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને પોરબંદર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પોરબંદર દુલીપ ક્રિકેટ ગ્રાઉન્ડથી સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધારાસભ્ય, જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસવડા પણ સાયકલ રેલીમાં જોડાયા હતા. આ પ્રસંગે ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું કે આજે મેદસ્વીતા પ્રમાણ વધારે છે પણ આપણે બધાંએ સાથે મળીને મેદસ્વિતા મુક્ત ભારત અભિયાનના સૂત્રને સાકાર કરવાનું છે.આ સાયકલ રેલી શહેરના રહેણાંક વિસ્તારોના રૂટમાંથી પ્રથમવાર સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ સાઈકલ રેલી દુલીપ ક્રિકેટ ગ્રાઉન્ડથી સ્ટેશન રોડથી, રામ ગેસ્ટ હાઉસ, જલારામ શોપીંગ મોલ, વાડી પ્લોટ, હોટલ બાલાજી પેલેસ, કમલાબાગ, એમ.જી.રોડ, ફ્રેન્ડસ પેટ્રોલ પંપ, તાજાવાલા લોહાણા વાડી સહિતનાં વિસ્તારોમાં યોજાઈ હતી અને દુલીપ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સમાપન થઈ હતી.

ભાજપને સાગરપુત્રોની સમસ્યાઓમાં કોઈ રસ ન હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

જિલ્લા કોંગ્રેસે માછીમારોને મળીને તેમના પ્રશ્નો સાંભળ્યા

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

ભાજપ સરકારને માછીમારોના પ્રશ્નોના નિરાકરણમાં કોઈપણ પ્રકારનો રસ નથી અને સમસ્યાઓનો ઉકેલ લાવવા ને બદલે વધુને વધુ સમસ્યાઓ ઊભી કરવામાં આવી રહી છે તે પ્રકારનો સુર પોરબંદર કોંગ્રેસ દ્વારા માછીમારોના વિસ્તારોની મુલાકાત દરમિયાન ઊઠવા પામ્યો હતો. પોરબંદર જિલ્લા કોંગ્રેસ દ્વારા સામા કાંઠા જાવરના માછીમારભાઈઓના પ્રશ્નો ને સાંભળવા ગયા હતા ત્યાંના માછીમારભાઈઓની વેદના અને એના પડતર પ્રશ્નો સાંભળ્યા હતા.

પીલાણા, નાની હોળીવાળા માછીમાર ભાઈઓને સરકાર દ્વારા એક પણ જાતની સુવિધાઓ અત્યારે મળેલી નથી અને જે મોટી મોટી જાહેરાતો અને પેકેજો જે ગાંધીનગર અને દિલ્હીથી થાય છે તે નકરા કાગળ ઉપર જ છે એક પણ સુવિધા ના નામે કોઈપણ જાતની સહાય મળતી ન હોય આજે માછીમાર એક ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે.

જે માછીમાર ભાઈઓને કોંગ્રેસની સરકાર વખતે જે કંઈ સહાય સબસીડી મળતી હતી તે ભાજપની સરકારમાં બધી જ સહાયો બંધ કરી દેવામાં આવી છે. નાના પીલાણા વાળા માછીમાર ભાઈઓને કોંગ્રેસની સરકારોમાં કેરોસીન ની સબસીડી મળતી હતી ડીઝલમાં પણ સબસીડી મળતી હતી. નવી બોટ બનાવવામાં પણ 15 લાખ રૂપિયા જેવી સબસીડી મળતી હતી અને જે બોટ પાકિસ્તાનમાં અપહરણ કરી અને પકડાઈ જતી એ પણ બોટ માલિકને સહાય કોંગ્રેસની સરકાર વખતે મળતી હતી. આજે તે બાબતની બધી જ સહાયો ભાજપ સરકારે બંધ કરી દીધી હોવાથી માછીમાર સમાજ બધી વાતે પીડાઈ રહ્યો છે. મહાનગરપાલિકામા સમાવેશ થઈ ગયા બાદ જાવર ગામને કોઈપણ જાતની પાયાની સુવિધાઓ નથી અપાઈ. જાહેરમાં જે શૌચાલયો હોવા જોઈએ તે નથી, સાફ-સફાઈ નો અભાવ ગટરો ઉભરાઈને બહાર નીકળે છે એનો પણ અભાવ, કોઈપણ જાતની મહાનગરપાલિકાની સુવિધાઓ ત્યાં અત્યારે ઉપલબ્ધ નથી. ત્યાંના જે માછીમાર સમાજના આગેવાનોએ આ બધા જ પ્રશ્નો પોરબંદર જિલ્લા કોંગ્રેસ ના આગેવાનો પાસે કર્યા હતા અને આગળ જતા જાવર ગામ અને માછીમાર સમાજ માટે મહાનગરપાલિકાએ કોંગ્રેસના આગેવાનો રજૂઆતો કરશે અને જરૂર પડશે તો આંદોલન પણ કરશે તેવી ખાતરી માછીમાર ભાઈઓને આપી હતી.

પોરબંદર જિલ્લાનાં રાણાવાવ ગામમાંથી એક શખ્સ છરી સાથે ઝડપી પાડતી પોલીસ

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદર જિલ્લાના રાણાવાવ શહેરના ગોપાલપરા જાહેર રોડ ઉપર પોલીસે ગઇકાલે બપોરના સમયે એક શખ્સની શંકાના આધારે તલાશી લેતા તેની પાસેથી એક આધાર પરવાના વગરની ગેરકાયદેસર છરી મળી આવી હતી. પોલીસે આ શખ્સ સામે પોલીસ હથિયારબંધી અંગે ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર પોલીસે રાણાવાવ શહેરના ગોપાલપરા જાહેર રોડ પરથી તે જ વિસ્તારમાં રહેતા જગદીશ ભુતપભાઈ વાઢીયા નામના શખ્સની શંકાના આધારે તલાશી લેતા તેની પાસેથી કોઈપણ જાતના આધાર પરવાના વગરની પેન્ટના નેફામાં છુપાવેલી 1 છરી કિમત રૂ 25 ની મળી આવી હતી. પોલીસે શખ્સની સામે હથિયારબંધી જાહેરનામા ભંગ સહિતનો ગુન્હો નોંધી વધુ તપાસ રાણાવાવ પોલીસ સ્ટેશનના હે.કો. એમ. પી. ખોડભાયાએ હાથ ધરી છે.

પોરબંદર શહેર ભાજપ દ્વારા વોર્ડ નં. 8 માં બેઠક યોજાઈ

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદર શહેર ભાજપ દ્વારા ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડીયાની ઉપસ્થિતિમાં વોર્ડ ન. 8 માં કાર્યકર્તા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં પાલિકાના પૂર્વ સભ્ય મનીષભાઈ શિયાળ, રાજેશભાઈ લોઢારી, ગંગાબેન કાણકિયા , દક્ષાબેન ભદ્રેચા સહિત સક્રિય સભ્યો, શક્તિ કેન્દ્ર સંયોજક, બુથ પ્રમુખ, વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગામ ગામની વાત | નાના એવા ગામમાં અદ્યતન સ્મશાન ભૂમિ તથા સ્મશાન ભૂમિમાં વિધિ માટે તમામ ખર્ચ ગ્રામ પંચાયત ભોગવે છે

સીમર ગામમાં 45 મિનિટ નર્મદાનું તેમજ હોજનું પાણી વિતરણ વ્યવસ્થા

ભાસ્કર ન્યૂઝ | બગવદર

પોરબંદર તાલુકામાં આવેલ સીમર ગામએ પોરબંદર તાલુકાનું છેવાડાનું ગામ છે. સીમર થી ભાણવડ 14 કિલોમીટર દૂર છે. આ સીમર ગામ ખૂબ જ વિકસિત અને રળિયામણું ગામ છે. પોરબંદરના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ વિરમભાઈ કારાવદરા અને પોરબંદરના પૂર્વ જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુલાબેન કારાવદરા આ બંને અગ્રણી સીમર ગામના વતની છે અને હાલ પણ સીમર ગામે રહે છે. બંને અગ્રણીઓ તેમજ પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા દ્વારા પોરબંદર તાલુકાના આ ગામોનો વિકાસ કરવામાં આવેલ છે. સીમર ગામની વસ્તી માત્ર 2500 ની છે. જ્ઞાતિઓમાં વધુ મહેર સમાજ ઉપરાંત સગર સમાજ, ભરવાડ સમાજ, બારોટ સમાજ વિગેરે વસવાટ કરે છે. અહીં ત્રણ જગ્યાએ સાર્વજનિક હોલ એટલે કે ડોમ તેમજ ત્રણ કોમ્યુનિટી હોલ આવેલ છે, અહીં નલ સે જલ યોજના અંતર્ગત દરરોજ અલગ અલગ વોર્ડમાં 45 મિનિટ નર્મદાનું તેમજ હોજનું પાણી વિતરણ કરવામાં આવે છે, ઉપરાંત આ નાના એવા સીમર ગામે અદ્યતન સ્મશાન ભૂમિ બનાવવામાં આવેલ છે જેમાં પાણીની વ્યવસ્થા, નાહવા ધોવાની વ્યવસ્થા, બેસવાની વ્યવસ્થા તથા બળતણની વ્યવસ્થા કરવામાં આવેલ છે અને ગામમાં કોઈનું મૃત્યુ થાય તો સ્મશાન વિધિ માટે તમામ ખર્ચે ગ્રામ પંચાયત ભોગવે છે. અહીંના સરપંચ કેશુભાઈ દેવાભાઈ મોઢવાડિયા અગાઉની ટર્મ માં ચૂંટણી લડી વિજેતા થયેલ, જ્યારે આ વખતે સીમર ગ્રામ પંચાયત સમરસ થયેલ છે, આ સીમર ગામ વિકસિત અને ભાઈચારાની ભાવના વાળુ એક સંપી ગામ છે. સીમર ગામના સ્વર્ગસ્થ મુળુભાઈ સીડા દ્વારા ગામમાં અવારનવાર વૃક્ષારોપણ તેમજ બ્લડ કેમ્પ યોજવામાં આવતા હતા. અહીંના ગ્રામજનો દરેક તહેવાર ભાઈચારાથી સંપીને ઉજવે છે અને હળીમળીને રહે છે. તસવીર- ધીરૂભાઇ નિમાવત

છેવાડાનું સીમર ગામ રળિયામણું

ગામમાં સ્ટ્રીટ લાઇટ, રોડ, સ્કૂલ, આરોગ્ય કેન્દ્ર ઉપલબ્ધ

સીમર ગામમાં શેરીઓ બ્લોકથી મઢવામાં આવેલ છે અને અન્ય માર્ગ સીસીરોડ થી મઢવામાં આવેલ છે. ગામમાં પાણીની પૂરતી સુવિધા છે અને ગામમાં સ્ટ્રીટ લાઈટો ફિટ કરવામાં આવેલ છે. પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાથમિક શાળા અને ધોરણ 9 થી 12 ના વર્ગો માટે હાઈસ્કૂલ આવેલ છે, જરૂરિયાત મુજબ હજુ ગામનો વધુ વિકાસ કરવામાં આવશે. » કેશુભાઈ દેવાભાઈ મોઢવાડિયા, સરપંચ, સીમર ગામ

ગામની વિગત

વસ્તી	2500
મુખ્ય મથકની અંતર	42 કિ.મી.
કનેક્ટિવિટી	બસ અન્ય વાહન
પ્રસિદ્ધ સ્થળ	રામ મંદિર, શિવમંદિર, સામે પીરનો દુવારો, સીતા ભગતની મઢી

પોરબંદરમાં યુવક પર હુમલો કરનાર 2 શખ્સને 7 વર્ષની જેલની સજા ફટકારાઈ

બંને શખ્સોએ યુવક પર છરી તથા લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

પોરબંદર શહેરમાં એક યુવકના ઘરે 2 શખ્સો મજૂરી કામ માટે ગયા હતા. આ શખ્સોને રૂ. 50 મજૂરી પેટે ચૂકવવાનું નક્કી થયા બાદ બંને શખ્સોએ મજૂરીના વધુ પૈસા માગ્યા હતા અને યુવકે વધુ પૈસા આપવાની ના પાડતા બંને શખ્સોએ યુવકને છરી તથા લોખંડના પાઈપ વડે માર માર્યો હતો. જે અંગેની પોલીસમાં ફરિયાદ કરતા કોર્ટે બંને આરોપીઓને 7 વર્ષની જેલની સજા ફરમાવી છે.

આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર પોરબંદર શહેરમાં રહેતા કેશવભાઈ દેવાભાઈ વાઢેરના ઘરે સાજીદ ઉર્ફે બોદુ અબ્દુલભાઈ કુરેશી અને શાહનવાઝ સાજીદ ઉર્ફે બોદુ કુરેશી રૂ. 50-50 માં મજૂરી કામે ગયા હતા.

આ મજૂરીના પૈસા બંને શખ્સોને ઓછા લાગતા તેણે વધારે મજૂરીના પૈસા જોઈતા હોય કેશવભાઈએ બંને શખ્સોને પૈસા આપવાની ના પાડતા આ બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા ગત તા. 7-06-2021 ના રોજ તેને છરી તથા લોખંડના પાઈપ વડે કેશવભાઈને માર માર્યો હતો અને ભુંડી ગાળો દઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે કેશવભાઈએ પોલીસ ફરિયાદ કરીને બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે 7 વર્ષની જેલની સજા ફરમાવી હતી.

જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં દારૂના 20 કેસ નોંધાયા

પોરબંદર જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં દેશી દારૂના 20 જેટલા ગુન્હા નોંધવામાં આવ્યા છે. પોલીસે જિલ્લામાં અલગ અલગ જગ્યાએથી 67 લીટર દેશી દારૂ તથા 9ને પીધેલી હાલતમાં ઝડપી લીધા હતા.દારૂનું દુષણ વધ્યું છે પોલીસ દ્વારા રાત્રીના સમયે સઘન પેટ્રોલીંગ કરી દારૂની બંદી દૂર કરવા વધુ પ્રયાસ કરવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.

Two Wheeler Suzuki Showroom
• WE ARE HIRING •

Sales Manager - 1	Sales Executive - 10
P.D.I. Incharge - 1	Billing Executive - 1

Interview time :- 10 am to 5 pm.
Shree Madhav Suzuki
Address:- Nr. Devka Bridge Opp. Indian Reyon, Veraval
Mo. : 99989 62168, 99099 12696

સેન્ટ્રલ બેંક ઑફ ઇંડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India
સેત્રીય કાર્યાલય, જામનગર
ટેન્ડર નોટીસ
"પોરબંદર શાખા માટે રીનોવેશન, ફર્નિચર, ઈલેક્ટ્રીકલ ડેટા કેબલીંગ અને એસી પાઈપીંગ કામ માટે" સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, સેત્રીય કાર્યાલય જામનગર બે બીડની પ્રણાલી દ્વારા ઓનલાઇન ટેન્ડર માટે આમંત્રિત કરે છે.
વધુ માહિતી માટે અમારી વેબસાઈટ www.centralbankofindia.co.in અને https://centralbank.abcprocure.com/EPROC ની મુલાકાત લો.
બીડ જમા કરાવવાની છેલ્લી તારીખ : ૨૩.૦૯.૨૦૨૫ રહેશે.
સેત્ર પ્રમુખ, જામનગર

ગુજરાત ગ્રામીણ બેંક
GUJARAT GRAMIN BANK
Scheduled Bank Owned by Government
રીજીયોનલ ઓફીસ, રાજકોટ : બીજો માળ, વિરલ હાઈટ્સ, ટાઈમ સ્કવેર-૨ પાસે, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫, ગુજરાત
બેંકને બોખીરા શાખા માટે ભાડે/ લીઝથી મિલકત જોઈએ છે
ગુજરાત ગ્રામીણ બેંક ને તેની બોખીરા શાખા, તા. પોરબંદર, જિલ્લો પોરબંદર માટે ગ્રાઉન્ડ ફ્લોર/ ફર્સ્ટ ફ્લોર (એક ફ્લોર પર આશરે ૧૫૦૦ ચોરસ ફુટ વિસ્તાર) ભાડાપટે/ ભાડા ના આધારે જગ્યાના મકાન માલિકો/ પાવર ઓફ એટર્ની ધારકો પાસેથી આમંત્રિત કરે છે. મિલકત પ્રાઈમ લોકેશન પર સ્થિત હોવી જોઈએ.
જગ્યાઓ જરૂરી પાર્કિંગ, પાણી, વીજળી વગેરે સુવિધાઓના સમાવેશ સાથે વ્યવસાયને અનુકૂળ જરૂરી દસ્તાવેજો સાથે સ્પષ્ટ હોવી જોઈએ. મ્યુનિસિપલ ટેક્સ, જાળવણીનો ખર્ચ મકાનમાલિકે ભોગવવાનો રહેશે. જગ્યાઓ વ્યવસાય માટે તૈયાર/ સોંપવા લાયક હોવી જોઈએ અથવા ૦૩ થી ૦૬ મહિનાના સમયગાળામાં કબજા માટે તૈયાર થવાની / તૈયાર થઈ જાય તેવા રસ ધરાવતા મિલકત માલિકો/ પાવર ઓફ એટર્ની ધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની ટેકનિકલ બિડ અને પ્રાઇસ બિડ તમામ દસ્તાવેજો/ પુરાવાઓ સાથે અલગ અલગ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે તારીખ ૧૦.૦૯.૨૦૨૫ ના રોજ ૫.૦૦ કલાક અથવા તે પહેલા મોકલી આપવા. દરેક બિડ અલગ અલગ કવરમાં મોકલી આપવા. કૃપા કરીને કવર પર સ્પષ્ટપણે બોખીરા શાખા માટે ભાડાપટે/ ભાડા કરાર પર જગ્યા પુરી પાડવા માટેની અરજી (ટેકનિકલ બીડ/ પ્રાઈસ બિડ). બિડર બિડના કવર પર તેમનો મોબાઈલ નંબર અને સંપૂર્ણ સરનામું પણ સ્પષ્ટપણે લખે.
જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પબ્લીક સેક્ટર અન્ડરટેકીંગ)/ સરકારી સંસ્થાઓ દ્વારા ઓફર કરાયેલ જગ્યાઓ પણ ધ્યાનમાં લેવામાં આવશે. વિગતો માટે, કૃપા કરીને અમારી બેંકની વેબસાઈટ https://gujratgb.in/tenders.phpના ટેન્ડર વિભાગની મુલાકાત લો. બેંક કોઈપણ પ્રકારના કારણો આપ્યા વગર બધી ઓફરો સ્વિકારવા કે નકારવાનો અધિકાર અનામત રાખે છે.
તારીખ : ૨૮.૦૮.૨૦૨૫ રીજીયોનલ મેનેજર
સ્થળ : રાજકોટ ગુજરાત ગ્રામીણ બેંક, રાજકોટ રીજીયન